## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... દિલ્હીથી સાહેબ આવે તો પૂછજો ને કે... ધારો કે મારી વાઈફને ટ્વીન્સ આવે તો તેના ખાતામાં છ દુ બાર હજાર જમા થાય કે નહીં...???

# હોસ્પિટલમાં દર્દીઓની પાણીની પોકાર બંધ થશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બનાવામાં આવેલ અધ્યતન આઠમાળની ઈન્ડોર ઈમારતમાં દર્દીઓ દ્વારા છાશવારે પાણીની ફરિયાદો ઉઠવા પામતી હતી. પાણીની તંગી હોવાથી દર્દીઓ અને સ્ટાફ ત્રાહીમામ પોંકારી ઉઠ્યો હતો. ત્યારે પાણીની તંગી હોસ્પિટલમાંથી થોડાક જ સમયમાં દુર થઈ જશે કારણ કે હોસ્પિટલ સંકુલમાં નવીન બોર બનાવાનું કામ ટુંક સમયમાં શરુ થનાર છે. જેથી દર્દીઓ અને સ્ટાફને પાણીને પગલે પડતી હાલાકી દુર થશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું નવિનીકરણ થઈ રહ્યું છે. પહેલા કરતા હોસ્પિટલ બે ગણી મોટી થઈ જવા પામી છે. ત્યારે દર્દીઓનો ધસારો સતત દિવસે દિવસે વધી રહ્યો છે. હોસ્પિટલમાં આઠમાળની નવી ઈમારત અને પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ કાર્યરત છે. હોસ્પિટલ સંકુલમાં રોજનું લોખો લીટર પાણીનો વપરાશ થાય છે. ત્યારે હોસ્પિટલ સંકુલમાં પાણી પુરુ પાડવા માટે બે બોર હતા પરંતુ તેમાથી એક બોર ફેઈલ થઈ જવા પામ્યો છે. જેથી માત્ર એક બોર દ્વારા સમગ્ર સંકુલમાં પાણી પુરુ પાડવામાં આવે છે. જયારે તંત્ર દ્વારા નર્મદાના પાણી અંગે અનેકવાર રજુઆત છતા કયાં ફાઈલ કે કોકડું ગુંચવાયું છે તે ખુદ અધિકારીઓ પણ જાણતા નથી. ત્યારે હોસ્પિટલમાં દર્દીઓ અને સ્ટાફની પાણીને પગલે સમયાંતરે ફરિયાદો ઉઠવા પામે છે. હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને સવારના સમયે ન્હાવા-ધોવા માટે પાણી ન મળતા ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે. જયારે ઓપરેશન કે અન્ય સ્થળો પર પાણી ન આવતું હોવાથી સ્ટાફ અને ડોક્ટરને ભારે પરેશાની વેઠવી પડતી હતી. પરંતુ પાણીની સમસ્યા સંકુલમાંથી ટુંક સમયમાં દુર થઈ જશે. હોસ્પિટલ તંત્ર દ્વારા નવો પાણીનો બોર બનાવાની તૈયારીઓ ચાલી રહી છે. સંકુલમાં પાણીનો બોર બનતા જ દર્દી અને સ્ટાફને પડતી હાલાકી દુર થતા જ પાણીના પોંકાર બંધ થઈ જશે. હોસ્પિટલમાં બોરનું પાણી તો ઝડપી મળી રહેશે પરંતુ તંત્ર દ્વારા નર્મદાના નીર હોસ્પિટલને કયારે મળે છે કે કેમ તે આગામી સમયમાં જોવું રહ્યું....?



સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજની મહિલા પાંખ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સગર્ભા બહેનો માટે મેથીના લાડુ અને ઝભલાનું વિતરણ કરાયું.

# પ્રજાની ચુપકીદીને ખુશીમાં ખપાવવાની ભુલ ભાજપને ભારે પડશે : નરેશ રાવલ

## પમીએ કલેક્ટર કચેરીને ઘેરાવ કરાશે : ૨૫૦૦ કાર્યકરો જોડાશે
## ૮મીએ મહિલા કોંગ્રેસ દ્વારા આશ્ચર્યજનક કાર્યક્રમ અપાશે

ગાંધીનગર, તા. ૨

નોટબંધીના તઘલખી નિર્ણયને પ્રજા ચુપકીદીથી જોઈ રહી છે અને તેથી પ્રજાની ખુશી સમજવાની ભુલ ભાજપ ના કરે તેમ કોંગ્રેસના અગ્રણી અને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી નરેશ રાવલે આજે જણાવ્યુ હતુ.

ગાંધીનગર જિલ્લાના પ્રભારી તરીકે તેમણે જણાવ્યું હતું કે નોટબંધીને કારણે દેશના જીડીપી દરમાં ઘટાડો થશે એટલુ જ નહિ બેરોજગારીનું પ્રમાણ પણ વધશે. રાવલે એવો પણ આક્ષેપ કર્યો હતો કે નોટબંધીનો નિર્ણય અને તે પછી પ્રધાનમંત્રી મોદીનું પ્રવચન સંપૂર્ણ નિરાશાજનક રહ્યુ છે. પ્રજાને રાહત આપી નથી એટલુ જ નહિ પરિસ્થિતિ ક્યારે સામાન્ય બનશે તે અંગે મૌન સેવ્યુ છે.

તેમણે જણાવ્યુ કે સંસદમાં પણ તેઓ જવાબ આપ્યા નથી અને જવાબદેહીની વાતો તેમના મુખે શોભતી નથી. પ્રધાનમંત્રી પદની ગરિમાને પણ તેઓ જાળવી શક્યા નથી. વૈશ્વીક સ્તરે તેમની વિશ્વસનીયતાનો ગ્રાફ નીચે ગયો છે.

નોટબંધીના નિર્ણયનો વિરોધ કરવા માટે પમી જાન્યુઆરી તમામ જિલ્લા મથકો પર કલેક્ટર કચેરીને ઘેરાવ કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં પણ ૨૫૦૦થી વધુ કાર્યકરો દ્વારા આ ઘેરાવ કરવામાં આવશે તેમ તેમણે કહ્યુ હતુ.

રાવલે જણાવ્યુ હતુ કે ૮મીએ મહિલા કોંગ્રેસ દ્વારા આશ્ચર્યજનક કાર્યક્રમ અપાશે જ્યારે ૧૧મીએ દિલ્હી ખાતે કોંગ્રેસ દ્વારા આયોજીત વિરોધી જનસભાને રાહુલ ગાંધી સંબોધશે જેમાં જિલ્લાઓમાં કાર્યકરો મોટી સંખ્યામાં જશે.

તેમણે રિઝર્વ બેંકની બોર્ડ મિટીંગની ગણતરીની બેઠકમાં જ રાષ્ટ્રજોગુ પ્રવચન કરી નોટબંધીની જાહેરાત કરી હતી પરંતુ બોર્ડ મિટીંગની મિનિટ્સમાં કોઈ સ્પષ્ટ કારણ નથી દર્શાવાયુ તે જ બતાવે છે કે આ નિર્ણય ખોટો અને તઘલખી છે.

આ પત્રકાર પરિષદમાં દિલ્હીના અગ્રણી કુંવર કન્નરસિંહજી, પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી અને પ્રવક્તા નિશીત વ્યાસ, પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, ધારાસભ્યો અમીતભાઈ ચૌધરી, બળદેવજી ઠાકોર, કામિનીબા રાઠોડ, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૈશિક શાહ, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ સહિતના હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# શાહપુર સર્કલ પાસે કારની ટકકરે સાધ્વીનું કરૂણ મોત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના પ્રવેશ સમા શાહપુર સર્કલ નજીક સવારના સમયે કારની ટકકરે ૬૫ વર્ષીય સાધ્વીનું મોત થવા પામ્યું હતું. આ ઘટના અંગે ઈન્ફોસીટી પોલીસે કારચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર પાસે શાહપુર સર્કલ પર અમદાવાદમાં રહેતી ભોલાગીરી સાધ્વી ધાર્મિક કાર્યક્રમ માટે બસમાંથી ઉતરી ચાલતા માર્ગ ઓળંગી રહી હતી. આ દરમિયાન ચ-0 સર્કલ તરફથી પુરપાટ ઝડપે દોડી આવતી કાર નં. જીજે-૨-એપી ૯૩૮૮ના ચાલકે સાધ્વીને જોરદાર ટકકર મારતા સાધ્વી ગંભીર રીતે ઘાયલ થઈ હતી. લોહીલુહાણ હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવી હતી. જયાં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કરી હતી. આ અકસ્માતને પગલે અમદાવાદમાં જ રહેતી જયંતિગીરી બેન સાધ્વી બાબા રામદેવે ઈન્ફોસીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.





છેલ્લા ૫૦ વર્ષથી સેક્ટર-૬/એ અને સેક્ટર-૬/બી ખાતે કુતરાં માટે ૫૦ કિલોના લાડુ બનાવાય છે.

## પેન્શનર્સ સમાજની પાંચમીએ બેઠક

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની જાન્યુઆરી ૨૦૧૭ની કાર્યવાહક સમિતિની માસિક બેઠક તા. ૫-૧-૨૦૧૭ને ગુરુવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજો માળ, સ-૨૨ ખાતે યોજાશે. જેમાં સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને હાજર રહેવા જણાવવામાં આવે છે.

# સનરાઈઝ બંગ્લોઝમાં બાળકોની અનોખી પોટલક પાર્ટી યોજાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર પ્રતિકમોલની પાછળ આવેલ સનરાઈઝ બંગ્લોઝમાં ક્રિસમસ અને ન્યુયર પાર્ટીનું આયોજન નાના બાળકો અને માતાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સોસાયટીના બાળકો ઘરેથી વિવિધ પ્રકારનો તૈયાર નાસ્તો અને ભોજન લાવ્યા હતા. આ પાર્ટીમાં ખાદ્યચીજોનું વેચાણ કરવામાં આવ્યું હતું અને તેમાંથી એકત્ર થયેલ રકમ સદકાર્યમાં વાપરવા બાળકોએ નિર્ધાર કર્યો છે.

ગાંધીનગર કુડાસણ વિસ્તારમાં આવેલ સનરાઈઝ બંગ્લોઝમાં ૪૬ પરીવારો વસવાટ કરે છે. આ સોસાયટીના બાળકોએ આ વર્ષે ક્રિસમસ અને ન્યુયર પાર્ટીને અનોખી રીતે ઉજવી હતી. જેમાં સોસાયટીમાં આવેલ હોલમાં તમામ સભ્યો અને બાળકો એકત્ર થયા હતા. ત્યારબાદ બાળકોએ કેક કાપીને ઉજવણી કરી જયારે ક્રિસમસને અનુલક્ષીને શાંતાકલોઝ બનેલા બાળકે તમામ નાના ભુલકાંઓને સુંદર ગીફટ આપી હતી. ત્યારબાદ ડી.જે. મ્યુઝીકના તાલે બાળકો ઝુમી ઉઠયા હતા. આ પોટલક પાર્ટીમાં સોસાયટીની બહેનો દ્વારા ઘરે તૈયાર કરવામાં આવેલ વિવિધ વાનગીઓનું વેચાણ કરવામાં આવ્યું હતું. સોસાયટીના સૌ સભ્યોએ હળી મળીને વાનગીઓ ખરીદીને આરોગી હતી. વાનગીના વેચાણ દ્વારા એકત્ર થયેલ તમામ રકમ સદકાર્યમાં ઉપયોગમાં લેવાશે. આમ નાના ભુલકાઓને અનોખી રીતે ક્રિસમસ અને ન્યુયરની પાર્ટી યોજીને મોટેરાઓને પણ અનોખી શીખ પુરી પાડી છે.



# ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજનું ૨૭મું અધિવેશન યોજાયું

ચિલોડા, તા. ૨

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ખાતે ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજનું ૨૭મું અધિવેશન યોજાયું હતું. આ પ્રસંગે દીવ-દમણના કેન્દ્ર સરકારના પ્રશાસક પ્રફુલભાઈ પટેલ, વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, સાબરકાંઠા જિલ્લાના સાંસદ દિપસિંહ રાઠોડ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, સમાજના અગ્રણી સી.કે. પટેલ (એનઆરઆઈ), સમાજના પ્રમુખ અશોકભાઈ પટેલ તથા સમાજના કારોબારી સભ્યો યુવા ફાઉન્ડેશનના ઉર્વેશ પટેલ, જૈમિન પટેલ, બ્રિજેશ પટેલ, ગૌરાંગ પટેલ, સહકારી સંઘના ચેરમેન કોદરભાઈ પટેલ તેમજ સમાજના ૫૦૦૦થી વધુ ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સમાજના અગ્રણી સી.કે. પટેલે ૫૧ લાખ રૂપિયા, સાંસદ દિપસિંહ રાઠોડે ૧૧ લાખ રૂપિયા, પ્રમુખ અશોકભાઈ પટેલે ૨૫ લાખ, ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે રૂ. ૫ લાખ તથા સમાજના પ્રતિષ્ઠિત દાતાઓએ માતબર રકમનું દાન આપી દરેકને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. આ પ્રસંગે સી.કે. પટેલ વિદ્યા સંકુલ તથા જ્યોતિબા પ્રાથમિક શાળાનું મહાનુભાવોના હસ્તે નામાંકરણ કરાવ્યું હતું. ઉપરાંત દાતાઓના વિશેષ સન્માન સમારોહ યોજાયો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા સમાજના કારોબારી સભ્યો, નિવૃત્ત કર્મચારી મંડળ, મિત્રમંડળ, સાર્વજનિક તથા પી.એમ. પટેલ શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

# ક્રિશ્ના ટ્રસ્ટ દ્વારા કાનૂની શિબિર યોજાઈ

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર દ્વારા ક્રિશ્ના એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ, સે-૨૫ ખાતે એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં પેરા લીગલ વોલન્ટીયર સર્વેશ્રી વિમળાબેન અયાચી, જ્ઞાનદેવી ઉપાધ્યાય, જિગિષાબેન ઉપાધ્યાય તથા સુધીરભાઈ દેસાઈ વગેરેએ ઉપસ્થિત રહી બાળકોના અધિકારો, કાનૂની સેવા સત્તા મંડળની કામગીરી, કાનૂની જાગૃતિ તથા એન્ટી રેગીંગ વિશેની સઘળી માહિતી પુરી પાડી હતી. આ શિબિરમાં લગભગ ૮૫ બાળકોએ ભાગ લીધો હતો. સંચાલકશ્રી ભીખાભાઈ ચૌધરીના અધ્યક્ષપદે સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# શેઠ સી.એમ. હાઈસ્કુલમાં કર્મચારીઓનો વય નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો



ગાંધીનગર, તા. ૨

શેઠ સી.એમ. હાઈસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલના માધ્યમિક વિભાગના નટુભાઈ લાડાણી (શ્રેષ્ઠ શિક્ષક રાજય પારિતોષિક વિજેતા) વય નિવૃત્તિ થતાં વિદાય સમારંભ યોજાયો હતો. આ સાથે જ વહીવટી શાખાના સીનીયર કલાર્ક દિલીપભાઈ પટેલ તથા કનૈયાલાલ પટેલ પણ નિવૃત્ત થતા હોઈ તેમનો સંયુકત વિદાય સમારંભ યોજીને શાળા પરિવાર તરફથી શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી.

આચાર્યશ્રી બી.કે. પટેલ, સુપરવાઈઝર બી.એ. પટેલ, મુકેશ પટેલ, પ્રહલાદભાઈ પટેલે ઉપસ્થિત રહી કુમકુમ તિલક શ્રીફળ અને સાકરથી પરંપરાગત સન્માન કરી શાલ ઓઢાડી ત્રણેયને સ્મૃતિ ચિહ્ન એનાયત કર્યા હતા.

બી.કે. પટેલે સ્વાગત પ્રવચનમાં વિદાય લેતા કર્મચારીઓની સેવાઓને બિરદાવી હતી. નટુભાઈ લાડાણીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા રજુ થયેલા પ્રતિભાવો દ્વારા વાતાવરણ ભાવવાહી બન્યું હતું. ૩૩ વર્ષ જેટલી દીર્ઘકાલીન સેવાઓ આપનાર કર્મચારીગણ માટે વિદ્યાર્થીઓ પટેલ પ્રિયાંગીની, પટેલ માનવ દ્વારા સંસ્મરણો રજુ થયા હતા.

આ પ્રસંગે નટુભાઈ લાડાણી, દિલીપભાઈ પટેલ, કનુભાઈ પટેલે સંસ્થાનો આભાર માની ભવિષ્યમાં પણ તેમની સેવા અને ફરજ બજાવવા તત્પરતા બતાવી હતી.

સ્ટાફ પરિવારના રમેશભાઈ પટેલ, વી.એમ.પટેલ અને ડૉ. ચેતનાબેન બુચ દ્વારા પ્રતિભાવો રજુ થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.ચેતનાબેન બુચ દ્વારા કરાયું હતું.

# પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થિનીઓ એથ્લેટીકસમાં ઝળકી

ગાંધીનગર, તા.૨

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ વિભાગ આંતર કોલેજ એથ્લેટીક્સ સ્પર્ધા તા. ૨૭, ૨૮, ૨૯ ડિસેમ્બરના રોજ શ્રીમતી સદ્‌ગુણા સી.યુ. આર્ટસ કોલેજ ફોર ગર્લ્સના યજમાન પદે યોજાઈ હતી. જેમાં શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની બહેનોએ ભાગ લીધો હતો. જેમાં ચૌધરી ભાવનાએ લાંબી કૂદ, લંગડી ફાળકૂદમાં ગોલ્ડ મેડલ્સ અને ૧૦૦ મી. દોડ, ઉંચી કુદમાં સિલ્વર મેડલ્સ મેળવ્યા હતા. બાવળીયા કાજલે ૮૦૦ મી. દોડ, ૧૫૦૦ મી. દોડ અને ૩૦૦૦ મી. દોડમાં સિલ્વર મેડલ્સ મેળવ્યા હતા. આમ કોલેજની બે બહેનોએ મળીને કુલ ૭ મેડલ્સ જીતીને કોલેજને ગૌરવ અપાવ્યું હતું. આ બંને ખેલાડી બહેનોને આચાર્યા ડો. ઉર્મિલાબેન સી. ચૌધરી તથા સમગ્ર કોલેજ પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

# નવા વર્ષ તથા નાતાલ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ કાર્યાલયમાં ઉજવણી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટ સે-૨૨ ખાતે નવા વર્ષ તથા નાતાલ પ્રસંગે કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા ડૉ. હિમાંશુ પટેલ, પૂર્વ પ્રમુખ મુકેશભાઈ પટેલ, શાંતિલાલ તથા શહેર કોંગ્રેસના મહિલા પ્રમુખ ભાનુમતીબેન, મહિલા કાર્યકરો તથા કોંગ્રેસ સંગઠનના અગ્રણી નેતાઓ હોદ્દેદારો-



ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે કેક કાપી નવા વર્ષ તથા નાતાલની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોંગ્રેસ જિલ્લા પ્રમુખ તથા શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશીકભાઈ શાહ તથા સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષ સ્થાને આ ઉજવણી વિક્રમભાઈ ખાચર, મહાનગરપાલિકાના પૂર્વ નેતા ચીમનભાઈ વિઝુંડા, કોર્પોરેટર રાકેશભાઈ પટેલ, માયનોરીટીના હોદ્દેદારો કિરીટભાઈ પરેરા, નાસીર દિવાન, અબ્દુલકુદુસ વોરા, ઈ.પી. સાગર, રફીક ફકીર, પાઉલ જે., કાર્યકરો હાજર રહ્યા હતા. આ પ્રસંગે વર્ષ ૨૦૧૭માં આવનાર ચુંટણીની કામગીરી અનુરૂપ પ્રદેશ કોંગ્રેસ તરફથી આપવામાં આવેલ માહિતી પ્રમુખ ડૉ. કૌશિકભાઈ શાહે આપી હતી અને સંગઠનના ચૂંટણીલક્ષી કામોમાં સક્રિય થવા અપીલ કરી હતી.


## ટૂંકી મુદતની જાહેર નિવિદા

**પશુપાલન ખાતુ, ગુજરાત રાજ્ય**

સંયુક્ત પશુપાલન નિયામકની કચેરી, પશુ જૈવિક સંસ્થા, પાણીની ટાંકી પાસે, સેક્ટર-૨૮, ગાંધીનગર-૩૮૨૦૨૮, ફોન નં. ૦૭૯-૨૩૨૧૬૪૬૪

પશુઓની રસી ઉત્પાદન કરતી આ સંસ્થાના વિવિધ વિભાગોની ટેન્ડરની શરતો અને બોલીઓ મુજબ માનવબળ દ્વારા સાફ-સફાઈના ઈજારા (કોન્ટ્રાક્ટ) માટેનું ટેન્ડર રજી.પો.એ.ડી./ કુરીયરથી અથવા સંસ્થા ખાતે રાખેલ ટેન્ડર બોક્ષમાં સ્વીકારવામાં આવશે.

આ અંગેનું ટેન્ડર ફોર્મ ફી રૂ. ૧૦૦/- સંસ્થાની હિસાબી શાખામાં રોકડા ભર્યાથી કચેરીના કામકાજના દિવસ દરમિયાન ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક સુધી રૂબરૂમાં મળી શકશે.

(૧) કોરા ટેન્ડર ફોર્મ આપવાની તા. ૩/૧/૨૦૧૭થી ૧૬/૧/૨૦૧૭, ૧૬.૦૦ કલાક સુધી
(૨) ભરેલા ટેન્ડર ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા. ૨૦/૧/૨૦૧૭ ૧૬.૦૦ કલાક સુધી
(૩) ટેન્ડર ફોર્મ ખોલવાની તા. ૨૧/૧/૨૦૧૭, ૧૬.૦૦ કલાક સુધી

કોઈપણ ટેન્ડર મંજુર કરવું કે નહીં તેની સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે.

સહી/-
માહિતી/૨૩૬૪/૧૬-૧૭ સંયુક્ત પશુપાલન નિયામક